શ્રી ગણેશાય નમઃ

ઉર્વશી-પુરૂરવા.

નાટકનાં ગાયનો.

રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર,

વીઠલદાસ હેમજીભાઇ ભાવનગરવાળા

શ્રી વિજય નાટક સમાજના માલીક.

પારસી નવરોજ થીએટર-કરાંચી.

ધી "નેશનલ" પ્રેસ કેમ્પ-કરાંચી

આવૃતી ત્રીજી | પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૩ | સને ૧૯૧૬

કીંમત ૦—૨—૦



ચેતવણી.

સને ૧૮૬૭ ના ૨૫ મા આકટ મુજબ રજીસ્ટર કરાવી પ્રસિદ્ધ કરનારે સર્વ હકક પોતાના સ્વાધીન રાખ્યા છે માટે પ્રસિદ્ધ કર્તાની રજા સિવાય કોઇએ આ નાટક તથા તેમાંના ગાયનો છાપવાં-છપાવવાં, વેચવાં-વેચાવવાં કે ભજવવાં-ભજાવવાં નહીં.



શ્રી

ઉર્વશી–પુરૂરવા નાટકના પાત્રો

પુરૂષ પાત્ર.

પુરૂરવા	...	પ્રતિષ્ઠાન નગરીનો રાજા
માણવક	...	રાજાનો પુરોહિત
નારાયણ	...	ભગવાન વિષ્ણુના અંશાવતારી તપસ્વી.
ઇંદ્ર	...	અમરાધિપતિ, સ્વર્ગ લોકનો દેવરાજ.
ચ્યવન	...	એક તપસ્વી રૂષિ.
નારદ	...	દેવર્ષિ
ભરતમુનિ	...	એક રૂષિ.
કેશીદાનવ	...	એક રાક્ષસ પુરૂ રાજાનો શત્રુ
રાહુદાનવ	...	એક રાક્ષસ.
ગાલવ	...	ભરતમુનિના શિષ્ય.
ચિત્રરથ	...	એક ગાંધર્વ
સિદ્ધબુદ્ધ	...	ચ્યવન મુનિના શિષ્ય.
વિદ્યારામ	...	માણવકનો લાગો જમાઇ અને લલિતાનો પતિ.
અરજણ	...	માણવકનો નોકર અને (ગાયો ચારનાર ભરવાડ)
ગુરૂ, શિષ્ય	...	સંસાર ત્યાગી મહાત્માઓ

સ્ત્રી પાત્રો.

ઉર્વશી ... નારાયણના ઉરૂથી ઉપજેલી અપ્સરા.

રાણી ... દેવી, કાશીરાજ પુત્રી પુરૂરવાની પત્નિ.

ચિત્રલેખા ... ઉર્વશીની સખી

સત્યવતિ ... એક તાપસી. ભગવાન ચ્યવન મુનિની ધર્મ પત્નિ

પ્રભા ... મહુનાનવની પુત્રિ અને આયુની પ્રણયિની.


નિપુણિકા ... રાણીની દાસી.

રૂપાળી ... માણવકની પત્નિ

લલિતા ... માણવકની પુત્રી, વિદ્યારામની સ્ત્રી,

રંભા, મેનકા, સહજન્યા, રીદ્ધીસિદ્ધી વગેરે અપ્સરાઓ તથા ગુલાબ ચમેલી વગેરે પ્રભાની સખીઓ.

સ્થળ—પ્રતિષ્ઠાન નગરી, તથા હેમકુટ અને ગંધમાદન પર્વત.



श्री गणेशायनमः

ઉર્વશી-પુરૂરવા.

નાટકની પ્રવેશાવાર ટુંક હકીકત

અંક પહેલો

નાન્દી—સૂત્રધાર તથા બાળાઓની નાટય વસ્તુ સંકલના સૂચક સંવાદ અને પ્રાર્થના.

પ્રવેશ પેહેલો બદ્રીકાશ્રમ—ભગવાન નારાયણ ૠષિના પ્રચંડ તપથી ભયપામી ઇંદ્રે તપ ભંગ કરવા તપોવનમાં અપ્સરાઓ ને મોકલી. ભગવાન નારાયણે તપમાંથી ચળિત ન થતાં નિજ ઉરૂમાંથી ઉર્વશી ઉપજાવી અપ્સરાઓ સાથે તેને ઇંદ્ર લોકમાં મોકલી.

પ્રવેશ બીજો—ઇંદ્રભુવન—નારાયણને લલચાવવામાં નાસીપાસ થએલી અપ્સરાઓનું ઇંદ્ર ભુવનમાં ગમન, નારાયણની અલૌકિક તપશ્ચર્યા તથા ઉર્વશીની ઉત્પત્તિનું વર્ણન. ઉર્વશીને અપાયલું ઉચ્ચ સ્થાન લક્ષ્મી સ્વયંવર નાટકને ભજવવાના શિક્ષણમુનિ અને નાટકનું ખાસ ચેકસ હિદમાગે.

પ્રવેશ ૩ જો—માણવકનું મકાન

યૌવન ઘેલડી બાળા લલિતાના યૌવન રંગરાગ રંજીત હર્ષોદ્ગાર માણવક રૂપાળીનો શ્લોક સંવાદ, જમાઈરાજ વિદ્યારામ સંબંધી વાત ગીત—જમાઈને તેડી જવા અંગેજ લીલાની અનુ સમજના ગોટાળા અને વિદ્વાન વિદ્યારામના વેદવચનોના ભાંડા!

પ્રવેશ ૪ થો—હેમકુટ પર્વત પ્રદેશનું માન સરોવર—ઇંદ્રની

આજ્ઞાનુસાર ઉર્વશીના અપ્સરાઓ સાથે આનંદ ક્રીડા ઇંદ્ર પ્રત્યે વેર વાળવાની ધુનમાં ઉર્વશી ઉપર અત્યાચાર ગુજારવાની ઇચ્છાવાળા રાહુદાનવનું ત્યાં આગમન—ઉર્વશીપર બળાત્કાર અચાનક પુરૂરવાનું અપ્સરાઓના અવાજથી આગમન. રાહુ સાથે યુદ્ધ, રાહુનો પરાજય અને પલાયન. ઉર્વશીનું શુદ્ધિમાં આવવું, પુરૂરવાના હૃદયમાં પ્રણયબીજનું રોપાવું, સ્વર્ગમાંથી ચિત્રરથનું ઉર્વશીને તેડવા આવવું, તેની સાથે ઉર્વશીનું ઇંદ્ર લોકમાં જવું. જતાં પહેલા એક પત્ર ચીત્રલેખા મારફતે માણવકને આપવું. રાજાનું રાજધાનીમાં પાછા ફરવું. ઉભયદેવી પંખીડાઓ વચ્ચે પ્રથમ પ્રણયનું મંગલાચરણ ઉદ્ભવવું.

પ્રવેશ ૫ મો—બગીચો—પુરૂરવાના ઉર્વશી પ્રત્યેના પ્રબળ પ્રેમ

ના ઉદ્ગારો ઉર્વશીનો પત્ર રાજાના હાથમાં આવવો. નિપુણિકાને આલાપથી રાણીનો રાજ હૃદયનો ભેદ

જાણુવો. બગીચામાં રાણીનું આગમન. રાજારાણી વચ્ચે થઇ ગયેલો સંવાદ અને રાણીનું રીસાઇને ચાલતાં જવું.


પ્રવેશ ૬ ઠો—માણુવકના મકાનનો લલિતાનો એકાંઆવાસ. વેદીયાવરનાં વેદવચનોના વળગાડથી કંટાળેલી લલિતાના દુઃખોદ્ગાર "ભણ્યા પણ ગણ્યા નહિ" એવા વિદ્યારામનાં દામ્પત્ય સુખથી ઉંધા વેદોચ્ચાર, યૌવનની પરિસીમાએ પહોંચેલાં દંપતિની એક બાજાની અણુસમજને લીધે થતી અમુંઝણ મુર્ખ અનાડી અરજણીયાની અણુ સમજણુથી થતી ઉપ્ધતાઇ. અને અંતે વેદીયાવરની સાન ભાન ઠેકાણે લાવવાની લલિતાની ચોક્કસ પ્રતિજ્ઞા.

પ્રવેશ ૭ મો—જંગલ-ઇંદ્ર લોકમાં ભજવાયલા લક્ષ્મી સ્વયંવરના નાટકમાં ઉર્વશીથી થયેલી ભુલપરથી થવાના ન્યાય સંબંધી ગાલવ અને નારદનું વિવરણુ.

પ્રવેશ ૮ મો—ઇંદ્રનો દરબાર—લક્ષ્મી સ્વયંવરના નાટકમાં ઉર્વશીની ભુલથી ક્રોધિત થઇ ભરતમુનિએ આપેલો શ્રાપ, અપ્સરાઓનાં ઉરમાં પશ્ચાતાપ. નારદના કહેવા પરથી ઇંદ્રે કરેલો શ્રાપનો અનુગ્રહ. ઉર્વશીના શોકોદ્ગાર અને મૃત્યુલોક તરફ સંચાર.



અંક બીજો,



પ્રવેશ ૧ લો—મહાલયનો માર્ગ—વિસાયની રાણીનો હૃદયથી પશ્ચાતાપ. અને રાજા સાથે "પ્રિય પ્રસાદન" વ્રત ઉજવવાની ઉચ્ચ અભિલાષ

પ્રવેશ ૨ જો—રાજમહાલય—વિરહવેદનાથી આધિનથતા રાજાના વિરહોદ્‌ગાર. ઉર્વશીનું ચિત્રલેખા સાથે અંતરિક્ષમાં આગમન. રાણીના પ્રિય પ્રસાદન વ્રતનું ઉત્થાપન અને પ્રત્યાગમન ઉર્વશીની રસરેલ પુરૂરાજા અને ઉર્વશી વચ્ચે પ્રણયની રેલછેલ તથા રાજ્ય મહેલમાં દંપતિનો સજોડે પ્રવેશ.

પ્રવેશ ૩ જો—માણવકનું મકાન

લલીતાની શીખામણથી સુધરેલા વેદીયા વીદ્યારામના પવિત્ર ઉદ્‌ગારો. પત્ની પ્રત્યે ઉચ્ચભાવના. ગૃહસ્થાશ્રમ જોડી સુખી થવાની શુધ્ધ ચાહના. અને લલીતાનું શ્વસુરાલયે પ્રયાણ.

પ્રવેશ ૪ થો અંતઃપુર—ગર્ભવંતી ઉર્વશીને આશ્રમનો અનુગ્રહ યાદ આવતાં ઉપજેલી ચિંતા અને ચિત્રલેખાની ચાલાકી અને રાજા પાસેથી ... ચ્યવનાશ્રમ તરફ કરેલી મુસાફરી

પ્રવેશ ૫ મો—જંગલ—કોઇ પુગરી કથામાં "દરેક માણસે એક સારા ગુરૂ કરવા જોઇએ" એવું અજાણ્યો સાંભળી આવેલા તે

વાક્યમાં સમજ ફેરને લીધે "ગુરૂ થવું જોઈએ" એમ ઇચ્છમાની બેઠેલા અરજણીયાનું અનાડીપણું, કોઈના ગુરૂ થવા માટે જંગલમાં ચાલ્યા જવું, ગુરૂ શિષ્યનું તેના હાથમાં સપડાવું, અરજણીયાનું તેમના ગુરૂ બની બેસવું, ગુરૂની મુક્તિ માટે શિષ્યે આ સ્વાંગ ધરી આવવું, તેની અને અરજણીયાને વચ્ચે થતી ધમાધમ--અચાનક માણવકનું આગમન. ગુરૂ શિષ્ય બંધન મુક્ત—અરજણીયાને મુખેથી અજાણતાં બોલતાં "તક તક ફુરરરરરર" એ વાકયનો ગુરૂએ સમજાવેલો અર્થ, અને માણવકે અરજણીયાને કરાવેલું સદ્ ગુરૂનું ભાન.

પ્રવેશ ૬ ઠો—ભગવાન ચ્યવન મુનિનો આશ્રમ—શાપનો અનુગ્રહ યાદ કરીને દેવી ઉર્વશીનું ભગવાન ચ્યવન મુનિને ત્યાં બાળક આયુને મુકવા આવવું. એક તરફથી પુત્ર સ્નેહ અને બીજી તરફથી પતિ સ્નેહમાં ઝુરતી હૃદયથી બળતી, ત્રિશંકુની ગતી અનુભવતી, ઉર્વશીની કષ્ટમય કથનીનો કરૂણાજનક ચિતાર.

પ્રવેશ ૭ મો–કુમારવન–વનવિહાર માટે નીકળેલાં ઉર્વશી–પુરૂરવા ને વાટમાં મળેલી વિદ્યાધર કુમારી. મુગ્ધા બાલિકાના નૃત્યગાનમાં પુરૂરાજાનું ખુશી થવું. ઉર્વશીએ રીસાઈને ગમન કરવુ. અને પાછળ જોતાં ઉર્વશી ને ન જોવાથી રાજાનું પણ પ્રિયાની પાછળ પળવું.

પ્રવેશ ૯ મો—કુમારવન—નારદ અને સુર્ય નારાયણ વચ્ચે પુરૂરાજાના દુ:ખ મુક્ત સંબંધી વાતચીત. કુમારવનમાં પ્રવેશતાંજ વેલી રૂપ બનેલી ઉર્વશીના વિરહે પુરૂરાજનું વને વન ભટકવું દેવી કૃપાથી સંગમનીય મણીનું પ્રાપ્ત થવું. અને મણી પ્રતાપે વેલીને ભેટવા જતાં ઉર્વશીનું આબેહુબ પ્રગટવું. વિરહ ઘેલાં દેવી દંપતિનો અજાયબી ભર્યો મેલાપ. પાછળથી કેશીદાનવ આવી પુરૂરાજા પર અસ્ત્રનો ઘાવ કરવા જતાં વનદેવી પ્રગટ થઇ કેશીને બાળી ભસ્મ કરે છે

ચમત્કારીક ટેબલો

અંક ત્રીજો

પ્ર. ૧ લો-રાજમાર્ગ—નંદનવનમાંથી પાછા ફરેલાં રાજારાણી સંબંધી માણવકના હર્ષોદ્‌ગાર. અને બાજ પક્ષીનું સંગમનીયમણી ઉપાડી ઉડી જવું. તથા તેના શોધ માટેરાજાનું વિરમવુ.

પ્રવેશ ૨ જો-ચ્યવન મુનિના આશ્રમનો પ્રથમ ભાગ—નાનકડાં આયુ મભાના નિર્દોષ પ્યારની રમત ગમત. અને આયુ એ બાજ પક્ષીને બાણ મારવું.

પ્રવેશ ૩ જો— ચ્યવન મુનિનો આશ્રમ—બાજ પક્ષીને મારી આશ્રમ ધર્મ વિરૂદ્ધ આચારણ કરવાથી ચ્યવન મુનિ સત્યવ્રત સાથે આયુને પુરૂરાજાને ત્યાં મોકલેછે. પ્રભાપણ બા-લ્હઠ કરી તેની સાથે જાયછે. પાછળથી રાહુદાનવ

પુત્રીની ખબર લેવા આવતાં મુનિ તેને પુરૂરાજાને ત્યાં આયુ સાથે ગએલાછે. એમ જણાવતાં રાક્ષસ કોપીત થાયછે. મુનિ આયુને પ્રભાથી ઉત્પન્ન થનાર કુમાર ઈંદ્રપદ મેળવનારછે એમ રાહુને સ્પષ્ટ સમજાવી તેને શાન્ત કરી તેની પાસે આયુને પ્રભા સાથે પરણાવવાનું વચન માગેછે. વચન આપી રાક્ષસ વિદાય થાયછે.

પ્રવેશ ૪ થો—રાજમહાલય—ગુમ થયેલો સંગમનીય મણી પુરૂરાજાને પ્રાપ્ત થાયછે અને પ્રતાપી પિતાના પ્રતાપી પુત્ર આયુની અજાયબી ભરી રીતે મુલાકાત પુરૂરાજા સાથે થાય છે.

પ્રવેશ ૫ મો—રાજમહાલય—આયુ ઉર્વશીને મળતાંજ અતિ આનંદિત થાયછે. પણ બીજીજ પળે ઈંદ્રરાજનો શ્રાપાનુગ્રહ યાદ આવતાં ઉદાસીના ઉંદધીમાં ઉતરી જાયછે, અશ્રુભરી આંખડીથી આકાશમાર્ગે સંચરવા ધાયછે. ઇંદ્રથી પ્રેરાયલા નારદ તેને જતી અટકાવી ઈંદ્રનો આદેશ સંભળાવી પુરૂરાજાસાથેસદા ને માટે રહેવાને સમજાવેછે અનેરી આશાવેલડી અમરફુલો થી છલકાયછે. સર્વનો હર્ષાનંદપુરબહારમાં અનુભવાય છે.

પ્રવેસ ૬ ઠો—રાજમાર્ગ—આયુ પ્રજાના પૂર્ણ પ્રેમભર્યાં પ્રણયોદગાર

પ્રવેશ ૭ મો—પુરૂરાજાનો ભવ્ય દરબાર—ઈંદ્રરાજે પ્રેરેલી અપ્સરાઓનો મનોહરનાચ. અને આયુ પ્રભાના હસ્ત મેળાપ. બાદ આયુને યુવરાજ પદાભિષેક.

આનંદ મંગલ

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

શ્રી.

ઉર્વશી પુરૂરવા.

નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

સૂત્રધાર— ગાયન ૧.

આનંદ આપો, સ્થાપો સુખ પ્રભુ.
મંગલદાયક. શ્રી વનમળો.
કૃતિ કરો સફળ હેત ધરી હરો ત્રયતાપો.......આનંદ.
દીનદયાળુ, કહે સહુ કોઈ. ઈશ આપને.
કષ્ટ સર્વે કાપો. છાપ શુભ છાપો..............આનંદ

બાળાઓ— ૨

પ્રેમ સાટે તજે જે, પ્રાણ એવા પ્રેમી પ્રભુનું સ્વરૂપ છે.
પ્રેમ સાથે ચોટયું વહેમ મુળ છે..................એવા.
શુદ્ધ પ્રેમી સંસારે તવાય છે પણ અંતે પ્રેમીની સવાય છે.
પ્રેમ તારૂ અજબ એક રૂપ છે.....................એવા.
ભારે ભોગી બ્રહ્માંડ કેરો ભુપ છે. તેમાં પ્રેમી પુરૂરવા અનુપ છે
પ્રેમ તારૂ અજબ એક રૂપ છે..............એવા.

અપ્સરાઓ— ૩

નાથ નેહે નિહાળો. ઉઘાડીને નેણ.
ઉઘાડીને નેણ. બોલો વ્હાલ ભર્યા વેણ.....નાથ.
મહામુદ મંદિર સમય છે સુન્દીર.
કામે કહાવ્યું છે. અમ સાથે કેણ....નાથ
ત્યાગ દીઓ તજી શૃંગાર લ્યો સજી
આપો પતાવી. અમારૂં લેણ દેણ....નાથ.

સખીઓ— ૪

તું ચાલ ચાલ શાણી. સ્વર્ગે ચટકીલી ચાલથી.
ત્યાં ઇન્દ્રતણા દરબાર માંહીં વસીરે'જે વહાલથી...તું,
નારાયણના ઉરૂથી. તન આ વિધીએ ઉપજાવ્યું.
અરપ્યું રૂપ અનુપમ સાથે મુદભર મન ભાવ્યું.

ઉર્વશી—એતો ઠીક પણ આતો આણું. પરણ્યા વીણ આવ્યું.

સખીઓ—પરણાવીશું. પ્યારથી.............તું ચાલ

નારદ— ૫

નયને નિહાળ્યો મ્હારા નટવરને.
ઘટઘટ વ્યાપી વ્હાલો, હૃદયે રમે, મારા હૃદયે રમે....નયને
અલખ નિરંજન, ભવભય ભંજન.
વહાલો વિહારી મ્હારા હૃદયે રમે મારા હૃદયે રમે....નયને
સાચો સલુણો સ્વામી, નાથ ગરૂડ ગામી,
વિશ્વ વિરામી...મ્હારા હૃદયે રમે હૃદયે, રમે....નયને

લલિતા:— ૬

છબીગોરી ગોરી રૂપ ભંડાર.......બાલા હું અલબેલી,
નવયાવન ઉભરાઈ આવ્યું
આ બદન વણ્યા છે બહાર..............હું અલબેલી.
રંગ અંગમાં અનંગ કેરા ચમકાવે ચમકાર
મદન મારથી બની બ્હાવરી બાગી ભોળીનાર....હું—
પ્રેમ મસ્ત બની સ્વામી સંગે સફળ કરૂં સંસાર
પતિવ્રત પાળી પ્રીતે પિયુને સેવું હયા હાર....હું—

૭

લલિતા— ચાલો ચાલો અલબેલા ઘેલા છેલા છબીલા-
વીરહે સતાવી દીવાની બનાવી,
પ્યારી તમારી આ રસીલા....અલબેલા.
યુક્તિ ચલાવી ટેક તજાવી,
વેદ વચનની લીલા..................અલબેલા.

વિદ્યારામ— વનિતા વ્હાલી, શી ગુણશાલી.
વેદ વચને વિશાલી...............અલબેલા.

લલિતા— રતિ રંગ રાગે રસીયો રમાડું
કરૂં કામ સાથે હું કેલી..........અલબેલા

અપ્સરાઓ ૮

સૃષ્ટીની વધી શોભા વસંતે
શોભા વસંતે, વધી શોભા વસંતે.....ટેક

ખીલ્યાં કુસુમ બહુ, રંગ બેરંગી
ખીલે વીહંગોની, કુંજોમાં ખંતે.....સૃષ્ટી
શીતળ મંદ સુગંધી, સમીરથી
છોડી દીધી છે, સમાધીને સંતે.....સૃષ્ટી.

સાખી

મંજુલ કુજે ગુંજતા, અમીત લહી આનંદ
ચુસી રહ્યા છે ચાહથી. મધુપ મધુર મકરંદ....સૃષ્ટી.
પ્રાતે નકીબ પોકારતાં, અભીનવ કરી ઉચ્ચાર,
જાણે શ્રી રૂતુરાજના છે કોકીલ છડીદાર....સૃષ્ટી.

ઉર્વશી— ૯

સખુર સખીઆ, તરૂમાં ગયો, હાર ગુંચાઈ,
હાર ગુંચાઇ, મારો હાર ગુંચાઇ.
નીકળતો નથી, મન રહ્યું છે, મારૂં મુંઝાઈ.
ચીત્રલેખા— કાઢ સેરવી તુંજ હું બના, બાવરી બાઈ....સખુર.
પુરૂરવા— હાર હૈયાનો, તનેજ બનાવીશ, સ્નેહે છવાઇ.
આ સમે તો મનની રહો, મનમાં સમાઈ...સખુર

પુરૂરવા— ૧૦

ચોરી ગઇ ચીત, રમણી અજબ રીત.......ચોરી.
ખેંચી નયન બાણ, ભ્રકુટી કમાને
માર્યું કલેજાને, ચોરી ગઈ ચીત.......ચોરી.

૧૬

સર્વાંગે સુંદર ઉર્વશી જેવી.
છેના અવર કોઈ, ગોરી ગઈ ચીત.....ચોરી.

૧૧

રાણી— ભોજપત્રવાળી, ભાગ્યાને, મળો ભાવથી.
હવે શું છે મારૂં કમ વૃથા લેશો નહીં નાંમ...પત્ર
પુરૂરવા— મનોહારી ક્ષમા કરો કૃપ કરો;
ભુલ માન કરૂં છું કબુલ.
રાણી— નથી માગતી કરાવવા કબુલ હું,
તમે મારૂં ઘટાડયું છે સુખ.
ઉર્વશી સારી હું છું નઠારી.
પુરૂરવા— બોલો નહીં એમ રાખો નાથ ઉપર રહેમ....પત્રવાળી.
રાણી—હું થી રૂપાળી એ પરેણાગ, સ્વર્ગની છે સુંદરી.
પણ કોણ છે માબાપ એના, એ-વીચારી જુઓ જરી.
નથી દોષ એમાં આપનો, કાની મુખેથી સુણે નહી.
પ્રેમાંધળી જગત માંહે, જાતભાત જુએ નહીં....પત્રવાળી.

૧૨

લલિતા— કોને કહું અંતરની આરત મારી રેરે હાય,
યૌવન મદે મદમાતી, છલકાતી રસથી છાતી.
આશા ઉરે ઉભરાતી, ઉભરાઈને ઠલવાતી—મારીરે રૈ.
પડી ટેવ તે ના ટળતી, વર વેઢીયાની વતી.
કાયા કરી કળકળતી, શમા હૃદયથી બળતી—મારીરે

૧૩

લલિતા— લુંટો લુંટો રસીલા, રસ લુંટો છબીલા,
નારી નાજુક નવોઢા મદમાતિ.
કાયાયૌવન મદે છલકાતી....લુંટો.
પુજું હું પ્રિતમજી તમ પાય.
વિદ્યારામ-નારે ના સુંદરી એમ ન થાય.
લલિતા— વાહ વાહ પ્યારા, પ્રિય પતિ મ્હારા,
કામણુ ગારા, આતમ દારા,
રસીયા રસઘેલ્લી નારી,
વિદ્યારામ-વેદાન્ત વડે લાચારી..............લુંટો.

નારદ— ૧૪

ભાઇ કોટી ઉપાઇ કર્યાંથી, મીથ્યા થતુ નથી ભાવી.
શાસ્ત્રો કહે છે સમજાવી....એ....એ....એ.
હાર્યાં હરીહર બળ અજમાવી, મીથ્યા થતું નથી ભાવી
બુદ્ધી વિધીની બદલાવી....એ....એ....એ
કેવી કરણી ખરાબ કરાવી....મીથ્યા થતું નથી ભાવી.

અપ્સરાઓનું— ૧૫

હઠો દુર અલબેલા, દુર રહોજી ચતુર અહો....અ.
કર પકડો નહીં નીપટ અનાડી મચકાઇ જાશે નાજુક કાંડી
જઇ પ્યારી ઘર સુખ લહે.......અલબેલા

રસબસ રસીયા શોકયની સંગે આજ પધાર્યા આંહી ઉમંગે
નાહક નહી અમ દીલ દહો.......અલબેલા.

ઉર્વશી— ૧૬

પ્રેમ જાંમ પીતાં, હૈડું રહે ન હાથ.......પ્રેમ.
દીવસે રજની જણાય, રજની દીનસમ મનાય....પ્રેમ.

સાખી.

કહેવાની ઇચ્છા કંઈ, હૃદયે ઉપજી હોય.
પણ મુખથી નીકળે કંઇ, કરે ન જાણે કોય.
કરવા મન હોય કાંઈ, કરણી વીપરીત થાય....પ્રેમ.

પ્રથમ અંક સમાપ્ત.

અંક બીજો.

રાણી ૧૭

સ્રીનો ધર્મ સાચો છે. સ્વામીની સેવા
જાણો પતિ દેવ, તણા હેવા
હૃદયે રાજી રહેવા, લાખેણા લાભ લેવા.......ટેક.

૧૯

પ્યારા વીના અન્ય પ્રેમી થવાથી
સ્વામી સેવા છોડી, તીર્થે જવાથી
માનજો મળે નાહી મુકતીના મેવા..........ટેક.

પુરૂરાજા— ૧૮

નથી નથી આવતી હાય જરાય નીંદરડી
ઉર્વશી એ વસી આંખે... ... ...નથી.
ચિત્ર ચીતરતાં ચેતન વીણુએ
મુજ દુઃખને નહી ઝાંખે.... ....નથી.
હું નીરૂપાય, થતિ નથી હું થી
ગતિ નભમાં વીણુ પાંખે... ... ...નથી.

૧૯

પુરૂરવા—છોડ છોડ સુંદરી શાંણી (૨)
ઉર્વશી—કહો જી હું છું કોણ
પુરૂરવા—તું છે ઉરવશી ઉરમાંહી વસી..........છોડ
ઉર્વશી—જોર હોય તો, જરા અજમાવો મોહનજી મનકાં મુંઝાવો
પુરૂરવા— તુટી જવાની શંકાએ, શકુ નહી અંગુલી કોમલ વાણી

ઉર્વશી-પુરૂરવાનું— ૨૦

ઉર્વશી—આજે ઘડી આનંદની નીરખી
પુરૂરવા—મળી મને, સુંદરી તું સરખો
પુર્વના પુણ્ય વીના. કમદા તુજ સંગ શી રીતે બને
ઉર્વશી—પ્રેમ સુધારસ પાઇ તમે, વીણુ દામે ખરીદી મને....આ.

૨૦

પુરૂરવા—શોભાવજો ગૃહ મારૂ સલુણી શ્રેષ્ટ શ્રૃંગાર સજી
ઉર્વશી—ચાહ ધરી ચરણો હુ તમારા, પુજીશ પ્રીતમજી....આ.

૨૧

લલિતા—સતીતણું સુખ સ્વામી ચરણે સ્વામીથી શુભ થાય છે
પતિ ત્યજી મૈયર રહે મુગ્ધા પાપની ભાગી થાય છે
પિયર તણિ પાલખી નકામી,
સાસરીયાંની શુળી સત્ય ગણાય છે... ..સતી
વિદ્યારામ-ચાલો ચતુરા અતિ ઉમગે
સો હાવો સુ-ખકર મ્હારા સંસારને......સતી.

પુરૂરવા—

૨૩

પ્રાણ પ્રિય, સુખરૂપ ફરી વળજો, વનથી વહેલાં વહેલાં....પ્રા.
વંદન મુજ સુનીવરને કહેજો, રાગી જનપર પ્રસન્ન રહેજો....પ્રા.
ઉર્વશી-રાજભુવન તજી વનમાં રહેવું, શીદ ઇચ્છુ ઉરમાં હુ એવું
પણ નૌરૂપાયે જાવું પડે છે, વીરા વીયોગનું ખાવું પડે છે...પ્રા

૨૩

શિષ્ય— હુ થાઉં તમારો નારી, બને જોડી આપણી ભારી
અરજણ-ભારી, ભારી, ભારી..............હું.
શિષ્ય— ગુલાબ સમ આ ગાલ જુઓ,
ચંન્દ્ર સમુ આ ભાલ જુઓ...હાં.
આંખ અણીયાળી શી હું મારૂં નયન કટારી—

ગળે નાખીને હાથ જુઓ, જગ ભરીને બાથ જુઓ
આ સુઃખ આ મુખપરે ગુરૂજી જાયે વારી વારી.

અરજણ-હાં વારી વારી..........હું.

ઉર્વશી— ૨૪

કરવું હવે શું મારે, રે, આથી મરવું ભલું છે....કરવું.
આનૃપ બાલક, પાલક જગનો
હીંમત દુઃખથી, હારે રે.......આ.
રાજ ભુવનમાં, રહેનારો આ
દીન વનમાંહી, ગુજારે રે......આ.
લાડક વાયો, લાલ પડ્યો આ
પાપીણી સીને પનારે રે.......આ.

ઉર્વશી— ૨૫

આવી દશા આવી કે મુંઝાય મન મારૂં....આ.
આ[illegible] ચલા[illegible] [illegible] કષ્ટ ખમાતું હાયરે
વસમાં પુત્ર વિયેગથી, [illegible] જાએ કંઠ સુકાઇરે...મુંઝાય
આધાર જીવનનો અતી ઉત્તમ નીર્મળ આંખનું નુરરે
કેમ જીવાશે કુમાર કોડીલો થાતાં-દ્રગથી દુરરે....મુંઝાય

વિદ્યાધર કુમારી— ૨૬

જુઠની બાજી છે બધી આ નામ નીશાની કાંઈ નહી.
જોયું તપાસી. નેત્ર વીકાસી, સાચી કમાણી કાંઈ નહી

પંચભુતોનો પીંડ અરે આ નીરજન ક્યાંની કાંઈ નહી
કાળની માયા વાદળ છાયા. વી[illegible] જવાની કાંઈ નહી....જુઠ
જીવ ગુમાનીને અભીમાની, છે સહુ[illegible]ની કાંઈ નહી
જોર જુવાની, ને જીંદગાની, ખાખ થવાની કાંઈ નહી....જુઠ

વિદ્યાધર કુમારી— ૨૭

કેમ મટે લખ્યું લલાટ પટમાં, લલાટપટમાં લલાટપટમાં....કેમ
સુખને દુઃખ ઘટ સાથે ઘડયાં છે
રહેન કાયમ, કોઇ નિકટમાં.........કેમ
સખી આ સમયે, આવી પડયાં છે
નૃપને ઉરવશી, વ્યાધી વિકટમાં.........કેમ

પુરૂરવા— ૨૮

શ્યામ ધામ ગગનમાં ધરતો,
છે આ નકી નવઘન સંચરતો......સ્યામ.
આ છે સુર ધનું નથી હનુજ શરાસન
ચપલા ચમકે નથી પ્રીયા સુખભાજન
ન હોય શર આજલની ધારા, કઠીન ગરજના કરતો...સ્યામ


પુરૂરવા— ૨૯

લોભે નેણુલાં, નીહાળી લતા નમણી.
લોભે નેણલા નીહાળી. લતા નનામી જાણે મુજ રમણી.

દેશાન્તી બમણી........નેણલાં
ઉર્વશીના અંગ સ્પર્શે, જાણે સુખ જેવું.
આને અડવાથી, મળ્યું આશ્વાસન એવું......નેણલાં
આલીંગું હું આંખ વીંચી, જુવતી સ્વરૂપ જાણી.
મરતો જીવું હું આવહીરા જો વદે વાણી......નેણલાં.

ઉર્વશી   ૩૦

નીહાળ્યો નાથ નયનેરે, મણી અણમોલ......ની.
પુરૂરવા—અડતાં વ્યાપે આનંદ ઉરમાં, વધારે છે વિજયનરે...મ.
ઉર્વશી—શીરપર સ્થાપું ચોગણી ચાહથી,
સંભાળી રાખુ શયનેરે....



અંક ત્રીજો

ભાણુબાક—

સુખ શાંન્તી આજ છાઈ, ઉત્સવની છે ઘડી
સંકટ સહુ નાશ પામ્યાં રહી ચીંતાના જરી...સુખ
અસ્તોદયનો [illegible] થકી કસતા શ્રીહરી
સત[illegible]તા શુધ્ધ જોઈ સુખ દેમા ચીખરી...સુખ
બલીહારી શ્રીગોરાની [illegible]તી જાયે ના કળી
સહુનો સંયોગ કીધો કરૂણા દષ્ટી કરી.....સુખ

પ્રભા-સખીઓ:- - ૩૨

સખીઓ—આંખ હરે ચોગમાં [illegible] ખીજાય આમ ખાલી.
તું રસીયાનાથી ના રીસા...આંખ.
પ્રભા— મૃગનેણી સાથે [illegible] કેહુ મને વહાલી
નથી કોડા એ [illegible] નગાલી.
સખીઓ:—તું રસીયાથી ના [illegible]...
ફરતી એકાંતમાં [illegible] ઝાલી
હવે [illegible] બાઈ ઠાલી....
આયુ—નહિં આતું જાઓ હું [illegible] સાઈ
વૃથા શાને બનોછો [illegible]લાલી....

આયુ— ૩૩

[illegible]

પ્રભા—જાઉં, એ મંજરીના, બોજાથી હું મરી.
દુર જાઓ, ના સતાઓ, ઓ દૈત્યોના અરી.....સ્વી૦
સખીઓ—આયુથી આટલા દી, દીલે તું ના ડરી
શત્રુકેમાં, વ્હેમે વહેમાં, તું લક્ષ્મીએ હરી...સ્વ૦

આયુ— ૩૪

ક્ષત્રીનો ધર્મ ખરો એ, દેવું સહુને દાન. ટેક.
પગરણે, ભરવો નહિં પાછો જાય ભલે કદી જાંન
ન્યાયથી યુદ્ધ કરી અરીઓનું, ઉતારવું અભીમાન....ક્ષત્રી.
શરણે આવેલનું, સહુ વાતે. સાચવવું સન્માન
પાળવી પુત્ર સમાન પ્રજાને, ગુરૂથી મેળવી જ્ઞાન...ક્ષત્રી
નટા
પ્રભા—ટાળવા સંકટ મારૂં, આયુને હાથે હણાયો બાજ
ક્ષમા કરો, અપરાધને, આજ્ઞા આપો ગુરૂવર આજ...ક્ષત્રી

પ્રભા— ૩૫


બની હું તો અલબેલી, નવેલી.
રાહુથી જન્મેલી અનંગ રંગરેલી, કરૂં વશ કથને ..બની.
ચાહું કશોને ચોળી, ગુંથું અંબોડો છોડી.
વેણી ગુંથું હું થોડીરે થોડીરે
બગાસે તન, તોડીરે તોડી.
રીઝાવું મીઠું, બોલીરે બોલી.
જાંમી સુંન્દર જોડી . ...બની.

પ્રભા— ૩૬

વસ્યા આંખોમાં, આપ અનુપ, અંજન નહી આંજુ હવે
મહ્યા આપ આભુષણ રૂપ, શૃંગાર નહીં સજું હવે...વસ્યા
આયુ—ત્યારે જમો આ પાન સોપારી
પ્રભા—લાલને શું કરૂં લાલ, બીડીને મુકો બાજુ હવે...વસ્યા
આયુ—ત્યારે તુરત દરબારમાં ચાલો
પ્રભા—ચાલતાં ચંચલ ચાલે મોહન હું તો લાજુ હવે...વસ્યા

સર્વ- ૩૭

આજ નીરખી, અજબ કૃતી.
થાએ હૈયું, મુદીત અતી.......આજ
રાખીને અન્યો અન્ય રતિ, શોભે લક્ષ્મી સરસ્વતિ.
ધન્ય જન-પતિ ધન્ય-ભગવતિ........આજ



જાહેર ખબર

અમારી કંપનીના નીચલા નાટકોનાં ગાયનોના ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલા કિમતે રોકડેથી મંગાવ્યાથી મળશે.

ચોપડીનું નામ.	કિમત.
બીલ્વમંગલ ઉર્ફે સુરદાસ......	૦-૨-૦
શ્રી ભક્તિવિજય	૦-૨-૦
સુરેખા હરણ	૦-૨-૦
નાગર ભકત..........	૦-૨-૦
નીલમ માણેક	૦-૨-૦
યોગકન્યા	૦-૨-૦
મનહર મેના..........	૦-૨-૦
મહાશ્વેત--કાદમ્બરી	૦-૨-૦
રજની ચંદ્ર..................	૦-૨-૦
જોહરે શમશીર...............	૦-૨-૦
શ્રી જયમતી..	૦-૨-૦
માતૃપીતૃ ભકત પુંડરીક	૦-૨-૦
ઉર્વશી—પુરૂરવા	૦-૨-૦
ઉથલ પથલ!	૦-૨-૦
જેહલ તોરલ...........	૦-૨-૦
બાદલ બાદશાહ	૦-૨-૦
પ્રવીણ સાગર	૦-૨-૦
ચંદ્ર પ્રભા..................	૦-૨-૦